| | |
|---|---|
| રજુ તારીખ: | તા.૨૫/૦૩/૨૦૨૨ |
| દાખલ તારીખ: | તા.૨૮/૦૩/૨૦૨૨ |
| ફેંસલ તારીખ: | તા.૧૫/૦૪/૨૦૨૬ |
| <u>અવધિ: વર્ષ: માસ: દિવસ</u><br>૦૪ : ૦૦ : ૧૭ | |

**શ્રી રાજેન્દર સિંધ, પ્રમુખ અધિકારી, ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદ.**
**(કલોલ/મહેસાણા કોર્ટ સીટીંગ) સમક્ષ.**

**રેફરન્સ(આઇ.ટી) નં.૩૭/૨૦૨૨**

**<u>આંક–૬૭</u>**

**પ્રથમપક્ષકાર :-** ચીફ એન્જીનીયર,
ગુજરાત સ્ટેટ ઈલે–કોર્પોરેશન લી,
છારોડી ચાર રસ્તાની બાજુમાં, ગાંધીનગર.

**અને**

**બિજા પક્ષકાર :-** શ્રી વીજળી કર્મચારી મહામંડળ,
GSECL કોલોની ટાઈપ-ઈ–૧૭–૧,
ગાંધીનગર-૩૮૨૦૪૧.

**વિષય:-** ઔધોગિક વિવાદ ધારો,૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

**પ્રતિનીધીત્વ:-** પ્રથમપક્ષકાર તરફે :-- વિ.વ.શ્રી એ.ડી.ત્રિવેદી.
બીજાપક્ષકાર તરફે :-- પ્રતીનીધીશ્રી એ.જી.મિર્ઝા.

**–: એવોર્ડ :-**

**(૧)..** હાલનો રેફરન્સ નાયબ શ્રમ આયુકતની કચેરી, અમદાવાદ વિભાગ ગન હાઉસની બાજુમાં, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ તા.૨૫/૦૩/૨૦૨૨ ના હુકમ ક્રમાંક:- કે. એચ. એચ. એસ. એમ. સી / આર / ક / ૩૫૧૨૨ / આઈડીઆર / એજે / ૩૧ / ૨૦૨૨ થી ઔધોગિક વિવાદ આઇ.ડી.

એકટની કલમ-૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય માટે ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે તથા નીચે મુજબની માંગણી રજુ છે.

**(૨)..** **'' અનુસુચિ ''**

ગુજરાત સ્ટેટ ઈલે–કોર્પોરેશન લી ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશનના તાબામાં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી એન.એમ.નિનામાના સર્વીસ રેકોર્ડમાં રજીસ્ટર થયેલ તા.૦૧/૦૬/૧૯૬૪ સુધારી જન્મ ના દાખલામાં રજીસ્ટર થયેલ તા.૦૩/૧૨/૧૯૬૯ નો સુધારો અન્ય કર્મચારીઓના કરેલા સુધારા મુજબ કરી આપી તા.૦૭/૧૦/૨૦૧૩ નો હુકમ રદ કરવો કે કેમ?

**(૩)..** સદર કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને કામદાર તરીકે સંબોધવામાં આવશે.

**(૪)..** સદર કામે બીજાપક્ષકાર કામદાર તરફે આંક-૦૮ થી માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે અને માંગણાના નિવેદનની ટુંકમાં હકીકત એવી છે કે, સંબંધીત કર્મચારી નિનામા મગનભાઈ વિરજીભાઇ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન જે પ્રથમ પક્ષકારના તાબાનું વિજળી નું ઉત્પાદન કરતું એકમ છે તેના સલામતી વિભાગમાં સીક્યોરીટી ઈન્સ્પેક્ટર તરીકે ફરજો બજાવે છે તથા જયારે ઈનીસીઅલ સ્ટેજ ઉપર ફરજમાં હાજર થયા ત્યારે સર્વીસબુક ખોલવા સબબ લીવીંગ સર્ટીફીકેટ અને જન્મ મરણના દાખલાની નકલ રજુ કરી લેખીતમાં જાહેર કરેલ કે તેમની જન્મ તારીખ જન્મ-મરણના દાખલા મુજબ તા.૦૩/૧૨/૧૯૬૯ છે જે લીવીંગ સર્ટીફીકેટમાં શરતચુક થી તા. ૧/૦૬/૧૯૬૪ લખાયેલ છે તેથી જન્મના દાખલા મુજબ તા.૦૩/૧૨/૬૯ રેકોર્ડ ઉપર લેવી જોઇએ. વધુમાં પ્રથમ પક્ષકાર સંસ્થામાં દાખલ થતા પહેલા થી જ આ જન્મ તારીખનો વિવાદ ઉપસ્થિત થયો હતો અને જે તે સમયે શૈક્ષણિક સંસ્થા સમક્ષ પણ લીવીંગ સર્ટીફીકેટમાં સુધારા સબબ કાર્યવાહી કરવાની રજુઆત ચાલુ હતી. આમ પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા લીવીંગ સર્ટીફીકેટ ના આધારે જ સર્વીસ બુકમાં એન્ટ્રી કરી જન્મ તા.૧/૬/૬૪ રજીસ્ટર કરવામાં આવેલ. વધુમાં સંબંધીત કર્મચારી ૧૯૮૪ માં જ્યારે તેઓ દસમા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમના પિતાશ્રીએ ખરી જન્મ તારીખની નોંધ મળી આવતા સુધારો કરવા સબબ સોગંદનામું રજુ કરેલ છે જે સંસ્થાએ જ રજુ કરેલા દસ્તાવેજ અનુસાર

પ્રસ્થાપીત થાય છે કે ભારતીય સેનામાં કે પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થતાં નોકરીના વર્ષો લંબાવવાના હેતુ ના કારણે જન્મતારીખની નોંધ સુધારવાનો વિવાદ ઉપસ્થિત કર્યો નથી. વધુમાં સંબંધીત કર્મચારી ધ્વારા આ બાબતે વારંવારની રજુઆતો કરતા પ્રથમ પક્ષકાર ધ્વારા એવું જણાવવામાં આવેલ કે તમો જન્મ તારીખ સુધારી ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરાવો તો સર્વીસ બુકના રેકોર્ડમાં જન્મ તારીખ સુધરી શકે. આમ સંબંધીત કર્મચારી ધ્વારા ડ્યુ પ્રોસેસ કરી સરકારી ગેઝેટમાં જન્મ તા.૧/૬/૧૯૬૪ ના સ્થાને, જન્મમરણ ના દાખલા મુજબ તા.૦૩/૧૨/૧૯૬૯ તરીકે પ્રસિદ્ધ કરાવેલ. આ ગેઝેટ પ્રસીધ્ધ થયા બાદ કર્મચારીએ જાતે સ્થાનિક ઓફીસ તેમજ કોર્પોરેટ ઓફીસ વડોદરા ને રજુઆત કરી જન્મ-મરણ ના દાખલા મુજબ તા.૦૩/૧૨/૧૯૬૯ નો સુધારો કરવા વિનંતી કરેલ અને સતત રજુઆતો બાદ પણ પ્રશ્ન નો ઉકેલ ન આવતા યુનીયન ધ્વારા દરમ્યાનગીરી કરી સદર જન્મતારીખ માં સુધારો કરવા રજુઆતો કરવામાં આવેલ. આમ સંબંધીત કર્મચારી દ્વારા તા.૬/૮/૨૦૧૩ ના રોજ તમામ સંબંધીત ડોક્યુમેન્ટ સાથે ખાતાકીય રીતે કોર્પોરેટ ઓફીસને રજુઆત કરતા તા.૦૭/૧૦/૨૦૧૩ ના રોજ જવાબ પાઠવવામાં આવેલ કે તા.૩/૧૨/૧૯૯૮ ના સરક્યુલર મુજબ સંબંધીત કર્મચારી-૨ વર્ષ નોકરી ના પુર્ણ કરે તો જન્મ તારીખમાં સુધારો કરી શકે નહીં.

**(૪.૧)..** વધુમાં સંબંધીત કર્મચારીનો વિવાદ સદર જોગવાઈ ઉપસ્થિત કરવામાં આવી તે પહેલાનો હોઈ કાયદાની જોગવાઈ મુજબ વિવાદ સદર તારીખ પહેલા ઉપસ્થિત થયો હોઈ તેઓને સદર જોગવાઈઓ લાગુ પડે નહીં. વધુમાં ઉપરોક્ત સ્ટેટમેન્ટને બાધ ન આવે તેમ જાહેર કરવાનું કે સર્વીસ રેગ્યુલેશન -૧૮ મુજબ કર્મચારી નોકરીમાં ૫૦ વર્ષની ઉંમર પહેલા સંતોષકારક દસ્તાવેજો રજુ કરે તો જન્મ તારીખમાં સુધારો કરી-કરાવી શકે. સદર સર્વીસ રેગ્યુલેશન ઇલેક્ટ્રીસીટી એક્ટ અનુસાર બનાવવામાં આવ્યા હોય તેને કાયદાનો ફોર્સ છે. તેમ છતા પ્રથમ પક્ષકાર દ્વારા માત્ર તા.૦૩/૧૨/૯૮ ના સરક્યુલરને આધારે તેમનો વિવાદ પુર્ણ થતો નથી તે હકીકત પુરવાર થાય છે. વધુમાં એસ.આઇ.૧૮ મુજબ જન્મ મરણનો દાખલો અને ગેઝેટમાં પ્રસીધ્ધ કરવમાં આવેલી સુધારેલી તારીખનો પુરાવો આપ્યા છતા તેનો વિવાદ–પ્રશ્નનો સુખદ અંત લાવવામાં આવેલ નથી. વધુમાં સંબંધીત કર્મચારીની ઉંમર ૫૦ વર્ષ પુર્ણ થાય તે પહેલાં જ જરૂરી સુધારો કરવા તમામ સક્ષમ દસ્તાવેજો સહ વારંવાર ની રજુઆતો કરી

હોવા છતાં એસ.આર. ની જોગવાઈને નકારી માત્ર અને માત્ર સરક્યુલર પરીપત્ર થી ઉદભવેલ જોગવાઈ અનુસાર જન્મતારીખમાં સુધારો ન કરતા તેઓએ તેમના યુનીયન મારફત સ્થાનીક કક્ષાએ થી ઉર્જા મંત્રાલય સુધી સતત રજુઆતો કરવાની ફરજ પડી હતી. વધુમાં તેઓ સંસ્થા ધ્વારા નાના વર્ગના અને નાની કાસ્ટના કર્મચારી હોય સંસ્થાના નીતી નીયમો અને જોગવાઈઓનો ખોટો અર્થઘટન કરી તેમનો કાયદેસરનો અને વ્યાજબી પ્રશ્ન ટલલે ચડાવવામાં આવેલ છે. વધુમાં તેઓને સદર તારીખ ૧૩/૧૨/૧૯૯૮ ની જોગવાઈઓ લાગુ પડતી નથી. એસ.આર ૧૮ મુજબ તેઓએ રજુ કરેલી અરજી કાયમી, સમયમર્યાદામાં અને વ્યાજબી હોય મંજુર કરવી જોઈએ.

**(૪.૨)..** વધુમાં તેઓને યુકતી અને સમજપુર્વક અન્યાય કરવામાં આવેલ છે અને પ્રથમપક્ષકારના તાબામાં ડાયરેકટ કામ કરતા ઉચ્ચ એચ.આર વિભાગના અધીકારી કે જેમના લીવીંગમાં તા.૨૫/૧૨/૧૯૫૩ લખાયેલ અને જન્મ મરણના દાખલામાં તા.૧૫/૧૨/૧૯૫૪ હોય વર્ષ–૧૯૯૪ થી ૨૦૧૦ સુધી નકારવામાં આવેલ અને ૨૦૧૩ માં નિવૃત કરવામાં આવતી તારીખે ૧ વર્ષ એકટેન્શન આપી તેમની નિવૃતી ૨૦૧૪ કરવામાં આવી છે. પરંતુ તેમની જન્મ તારીખ સુધારવા માટે નકારવામાં આવેલ છે અને એ સ્પષ્ટ રીતે બે કર્મચારીના ઈન્સીડેન્ટલ ડીસ્પયુટ વચ્ચે કરવામાં આવેલ વીસંગતતા પુરવાર કરવામાં આવે છે. વધુમાં ઓકોટમ્બર-૨૦૧૩ અને ડીસેમ્બર-૨૦૧૩ ના ફકત બે માસના સમયગાળામાં જ એક જ ઈન્સીડેનટલ અને આઈડેન્ટીકલ ઈસ્યુ ઉપર વિસંગતતા ભર્યો હુકમ કરી ભારતીય બંધારણની જોગવાઈ અને કુદરતી ન્યાયના સીધ્ધાંતનો ભંગ કરવામાં આવ્યાનુ પ્રથમદર્શનીય પુરવાર થાય છે. આમ પ્રથમપક્ષકાર સંસ્થા તારીખ સુધારવા માટે નકારવામાં આવેલ પત્ર હુકમ તા.૦૭/૧૦/૨૦૧૩ રદ ઠેરવી જન્મના દાખલામાં દર્શાવેલ જન્મની તારીખ ૦૩/૧૨/૧૯૬૯ મુજબ સુધારો કરવામાં આવે તેવો હુકમ કરવા અને રેફરન્સ ખર્ચ સહીત મંજુર કરવા અરજ કરેલ છે.

**(૫)..** સદર કામે પ્રથમપક્ષકાર સંસ્થા તરફે આંક-૧૩ થી લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે જેમા તેઓ માંગણા નિવેદનના પેરામાં જણાવેલ હકીકતો તદ્દન ખોટી અને ગેરકાયદેસર હોઈ રદ કરવા રજુઆત કરેલ છે તથા વધુમાં જણાવેલ છે કે, બીજાપક્ષકાર પ્રથમપક્ષકાર સંસ્થામાં વોચમેનના હોદ્દા

પર તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ હાજર થયેલ તે સમયે તેઓએ સંસ્થામાં સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ કરેલ અને તેઓ અગાઉ ભારતીય સેનામાં સેવા કરેલ તેની અંગત માહીતી અને સેવાની વિગત બતાવતા દસ્તાવેજ રજુ કરેલ તેમાં તેઓની જન્મ તારીખ તા.૦૧/૦૬/૧૯૬૪ દર્શાવેલ અને તેના આધારે સંસ્થામાં જે સેવાપોથી બીજાપક્ષકારની રાખવામાં અને નિભાવવામાં આવે છે તેમાં તે સબબ નોંધ કરવામાં આવેલ. વધુમાં બીજાપક્ષકાર ધ્વારા તેમની જન્મ તારીખ સુધારા અંગે નોકરીમાં દાખલ થયા બાદ આશરે ૧૧ વર્ષ જેવા લાંબા સમય પછી તા.૦૫/૦૬/૨૦૦૮ ના રોજ અરજ કરેલ તેનો પ્રથમપક્ષકાર સંસ્થા ધ્વારા પત્ર ક્રમાંક નં.જીપીએસ/ઇએસટી/જન્મતારીખ/૭૨૩૭ થી જવાબ આપવામાં આવેલ અને તેમાં આવો સુધારો સંસ્થાના નિતી નીયમ મુજબ થઇ શકે નહી તેવો જવાબ આપવામાં આવેલ. આમ છતાં ફરીથી આશરે પાંચ વર્ષ બાદ સદર બાબતે તા.૨૮/૦૫/૨૦૧૩ ના રોજ અરજ કરવામાં આવેલ જેનો જવાબ પ્રથમપક્ષકાર સંસ્થા ધ્વારા પત્ર ક્રમાંક નં. જીટીપીએસ/એચઆર/જન્મતારીખ/ એમવીએન/૭૨૦૫ થી પ્રથમપક્ષકાર સંસ્થાની માતૃ સંસ્થા ધ્વારા આપવામાં આવેલ અને વડી કચેરીના પત્ર ક્રમાંક જીએસઇસીએલ/એડીએમ/પીઓ/૨૫૫ તા.૦૭/૧૦/૨૦૧૩ પ્રથમપક્ષકાર સંસ્થાના સરકયુલર નં.૬૨૩ તા.૦૩/૧૨/૧૯૯૮ ના સંદર્ભમાં આપેલ તેની જાણ પણ બીજાપક્ષકારને પત્રથી કરવામાં આવેલ.

**(૫.૧)..** વધુમાં પ્રથમપક્ષકારની માતૃ સંસ્થાના પરીપત્ર નં.૭૪૦ તા.૨૦/૦૬/૧૯૮૬ ધ્વારા જન્મ તારીખમાં સુધારા અંગે કયાં દસ્તાવેજોને પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય તેમ જણાવેલ હતું, જે સંદર્ભે વડી કચેરીને ધણા કર્મચારીઓને લાગુ પડતા જન્મ અને મૃત્યુના ઉતારામાં તેઓ ધ્વારા સોગંદનામું કરાવી જે તે સ્થાનિક સત્તાધિકારી અથવા મ્યુનીસીપાલીટી ધ્વારા સોગંદનામા કે અન્ય દસ્તાવેજોના આધારે તેઓના જન્મ તારીખમાં સુધારો કરવામાં આવેલ હતો, તેનું ધ્યાન પર આવેલ અને આવો સુધારો ગ્રાહય રાખી શકાય નહી તેમ વડી કચેરીના પરીપત્ર નં. ઇએસટી/આઇઆઇ/સીએચએન.બીડી./૮૯/૪૬૮ તા.૨૨/૦૫/૧૯૮૯ માં ઠરાવવામાં આવેલ અને તે સંદર્ભે પણ આ કામના બીજાપક્ષકારની સદર સુધારા બાબતની અરજ નામંજુર કરવામાં આવેલ. વધુમાં પ્રથમપક્ષકારની માતૃ સંસ્થાના પરીપત્ર ક્રમાંક નં. એજીએમ/એચારડી/ ડે.સેક્રે.(એ)૫૭૦ તા.૧૬/૧૧/૧૯૯૯ થી એસ.આર.૧૮ માં સુધારો કરવામાં આવેલ કે, જન્મની તારીખમાં સુધારો દસ્તાવેજી પુરાવો જેમ કે, સ્કુલ લીવીંગ

સર્ટીફીકેટ બોર્ડના સેક્રેટરીની પુર્વ મંજુરી સાથે રજુ કરીને થઇ શકશે અને સદર સુધારો કર્મચારીના નોકરીમાં દાખલ થયાના ૨ વર્ષ પછી થઇ શકશે નહી. વધુમાં બીજાપક્ષકારે જન્મનુ પ્રમાણપત્ર તા.૧૫/૦૩/૨૦૦૮ ના રોજ કઢાવેલ હોવાનું તેઓએ રજુ કરેલ દસ્તાવેજ ઉપરથી જણાવેલ છે અને સદર સુધારા બાબતની અરજ પણ ૨૦૦૮ માં એટલેકે ૧૧ વર્ષના વિલંબ બાદ કરવા સબબ કોઇ ખુલાસો કરેલ નહી. ત્યારબાદ તા.૨૮/૦૫/૨૦૧૩ ના રોજ ફરીથી સદર બાબતે રજુઆત કરેલ પરંતુ એસઆર ૧૮ મુજબ સુધારો બે વર્ષ બાદ થઇ શકે તેમ ન હોઇ બીજાપક્ષકારની રજુઆત નામંજુર કરવામાં આવેલ.

**(૫.૨)..** વધુમાં તા.૨૮/૦૫/૨૦૧૩ ના રોજની સદર સુધારા બાબતની અરજનો જવાબ તા.૦૬/૦૮/૨૦૧૩ ના રોજથી આપવી દેવામાં આવેલ. સદર માંગણી આશરે ૮ વર્ષના વિલંબ બાદ કરવા સબબ કોઇ અલગથી વિલંબ માફની અરજ આપેલ નથી કે બાબતે કોઇ રજુઆત તેમના માંગણાના નિવેદનમાં ન હોઇ સદર રેફરન્સ રદ કરવા પુરતા વ્યાજબી કાયદેસરનાં કારણો હોઇ રદ કરવા નમ્ર વિનંતી કરેલ છે. વધુમાં પ્રથમપક્ષકારની નમ્ર અરજ કે બીજાપક્ષકાર તેઓના રેફરન્સમાં જણાવેલ તમામ દાદમાંની કોઇ પણ દાદ ટકવાપાત્ર નથી અને તમામ દાદ રદ કરવાનો હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં સદર કેસમાં માંગવામાં આવેલ દાદ હકીકતે ઔધોગિક તકરાર નથી અને કરવામાં આવેલ માંગણીમાં કોઇ કોઝ ઓફ એકશન ઉપસ્થીત થયેલ ન હોવાથી કોઝ ઓફ એકશનની ગેરહાજરીમાં અરજ રદ થવાને પાત્ર છે. વધુમાં બીજાપક્ષકારે નિયત સમયમર્યાદામાં માંગણી નિયત રીતે કરેલ ના હોય તેમની માંગણી પ્રથમથી જ રદ જવાને પાત્ર છે અને બીજાપક્ષકારની માંગણી ઔધોગિક બાબત તકરાર નથી. વધુમાં બીજાપક્ષકારની માંગણી /અરજને એસ્ટોપલનો સિધ્ધાંત લાગુ પડતો હોય તેમની માંગણી કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને બીજાપક્ષકારની માંગણીઓમાં ડીલે લેચીચ તેમની બેદરકારીના કારણે થયેલ હોય બીજાપક્ષકારની માંગણી રદ જવાને પાત્ર હોવાનું જણાવી સદર માંગણી /અરજ રદ કરવા વિનંતી કરેલ છે.

**(૬).. સદર કામે બીજાપક્ષકાર સંબંધિત કામદાર તરફે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.**

## મૌખીક પુરાવા

| ક્રમ નં. | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | શ્રી મગનભાઇ વિરજીભાઇ નીનામાનાઓનું પુરાવારુપી સોગંદનામું. | તા.૦૭/૦૨/૨૦૨૪ | ૧૭ |
| ૨ | શ્રી અફાકમહેદી ગુલામ મહેદી મિર્ઝાનાઓનું પુરાવરુપી સોગંદનામું. | તા.૦૩/૦૪/૨૦૨૪ | ૧૮ |

## દસ્તાવેજી પુરાવા

| ક્રમ નં. | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | મજકુર કામના ટર્મસ ઓફ રેફરન્સ ની નકલ | તા.૨૮/૦૩/૨૦૨૨ | ૨૨ |
| ૨ | પ્ર.પક્ષકાર સંસ્થાના સમાધાનની કાર્યવાહીમાં રજુ કરેલ જવાબ-દસ્તાવેજની નકલ. | તા.૦૭/૧૨/૨૦૨૨ | ૨૩ |
| ૩ | મજકુર કામના સંબંધીત કર્મચારી ના લીવીંગ સર્ટીફીકેટની નકલ. | તા.૧૩/૦૪/૧૯૯૧ | ૨૪ |
| ૪ | મજકુર કામના સંબંધીત કર્મચારીના જન્મના દાખલાની નકલ. | તા.૧૫/૦૩/૨૦૦૮ | ૨૫ |
| ૫ | મજકુર કામના કર્મચારી ધ્વારા સરકારશ્રીના ગેઝેટમાં જન્મ તારીખનો સુધારો જાહેર કરાવ્યાની નકલ. | તા.૧/૫/૨૦૦૮ | ૨૬ |
| ૬ | મજકુર કામના સંબંધીત કર્મચારીને જન્મ તારીખમાં સુધારો કરી શકાય તેમ ન હોવાના પત્રની નકલ. | તા.૮/૧૦/૨૦૧૩ | ૨૭ |
| ૭ | વડી કચેરીના અધિકારી શ્રી બી.જે.પટેલ આઇ.આર.ઓના જન્મ તારીખ સુધારવા સંબંધીત પત્રની નકલ. | તા.૭/૧૨/૧૯૯૪ | ૨૮ |
| ૮ | વડી કચેરીના અધીકારીશ્રી બી.જે.પટેલ આઇ.આર.ઓ ના જન્મ તારીખ સુધારવા સંબંધીત પત્રની નકલ. | તા.૨૫/૧૧/૧૯૯૪ | ૨૯ |
| ૯ | શ્રી બી.જે.પટેલના જન્મના દાખલાની નકલ. | તા.૧૩/૦૬/૧૯૯૪ | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | શ્રી બી.જે.પટેલના જન્મની તારીખ રીવ્યુ કરવાની નકલ. | તા.૦૯/૦૧/૧૯૯૫ | ૩૧ |
| ૧૧ | શ્રી બી.જે.પટેલની જન્મની તારીખમાં સુધારો કરવાનો કવરીંગ લેટરની નકલ. | ૧૯૯૫ | ૩૨ |
| ૧૨ | શ્રી બી.જે.પટેલની જન્મની તારીખમાં સુધારો કરવાના કવરીંગ લેટરની નકલ. | તા.૧૬/૦૬/૧૯૯૫ | ૩૩ |
| ૧૩ | શ્રી બી.જે.પટેલની જન્મની તારીખમાં સુધારો કરવાના યુનિયનના પત્રની નકલ. | તા.૨૯/૦૯/૨૦૧૦ | ૩૪ |
| ૧૪ | શ્રી બી.જે.પટેલના વડી કચેરીને જન્મ તારીખ સુધારવાની અરજીની નકલ. | તા.૨૩/૦૭/૨૦૦૯ | ૩૫ |
| ૧૫ | શ્રી બી.જે.પટેલની અરજીનો ફોર્વડીંગ પત્રની નકલ. | તા.૨૭/૦૭/૨૦૦૯ | ૩૬ |
| ૧૬ | શ્રી બી.જે.પટેલની અરજી નકારવા સબબ ના પત્રની નકલ. | તા.૩૦/૦૮/૨૦૧૦ | ૩૭ |
| ૧૭ | એસ્ટાબ્લીશમેન્ટ સરકયુલરની નકલ. | તા.૩૧/૧૨/૧૯૯૮ | ૩૮ |
| ૧૮ | જાળેટી ગામના સરપંચના રજીસ્ટર મુજબ આપેલ દાખલાની નકલ. | તા.૨૬/૦૭/૮૫ | ૩૯ |
| ૧૯ | ગુજરાત સરકારનો ઠરાવની નકલ. | તા.૧૮/૦૨/૭૪ | ૪૦ |
| ૨૦ | દસ્તાવેજ નં.૨ અનુસંધાને પ્રથમપક્ષકાર ધ્વારા જાહેર કરેલ સરકયુલરની નકલ. | તા.૨૦/૦૬/૮૬ | ૪૧ |
| ૨૧ | જન્મ-મરણના રજીસ્ટ્રેશન સબબ સરકારશ્રી ધ્વારા જાહેર કરવામાં આવેલ એમેન્ડમેન્ટ બીલની નકલ. | જુલાઈ–૨૦૨૩ | ૪૨ |

**(૭).. સદર કામે પ્રથમપક્ષકાર સંસ્થા તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.**

| ક્રમ નં. | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | સર્વીસબુકની નકલ. પેજ– ૧ થી ૭ | – | ૪૪ |
| ૨ | બીજાપક્ષકારને પ્રથમપક્ષકારે લખેલ | તા.૧૬/૦૬/૨૦૨૫ | ૪૫ |

| | | | |
|---|---|---|---|
| | પત્ર. | | |
| ૩ | બીજાપક્ષકારનું સ્કુલ લીવીંગ પ્રમાણપત્ર. | તા.૧૩/૦૯/૧૯૯૧ | ૪૬ |
| ૪ | આર્મીનું આઈડી અને અંગત માહીતીનું ફોર્મ. પેજ ૧ થી ૬ | – | ૪૭ |
| ૫ | પ્રથમપક્ષકારનો પત્ર. | તા.૨૪/૦૬/૨૦૦૮ | ૪૮ |
| ૬ | સંસ્થાનો સરકયુલર | તા.૨૨/૦૫/૧૯૮૯ | ૪૯ |
| ૭ | બીજાપક્ષકારનું જન્મનું પ્રમાણપત્ર. | તા.૧૫/૦૩/૨૦૦૮ | ૫૦ |
| ૮ | ગુજરાત સરકારનું ગેઝેટ. પેજ–૧થી ૩ | – | ૫૧ |
| ૯ | બીજાપક્ષકારની જન્મ તારીખમાં સુધારો કરવા અરજ. | તા.૨૮/૦૫/૨૦૧૩ | ૫૨ |
| ૧૦ | પ્રથમપક્ષકારનો પત્ર. | તા.૦૬/૦૮/૨૦૧૩ | ૫૩ |
| ૧૧ | પ્રથમપક્ષકારનો પત્ર. | તા.૦૭/૧૦/૨૦૧૩ | ૫૪ |
| ૧૨ | એસ્ટાબીલ્સમેટન્ટ સરકયુલર નં.૬૨૩ | તા.૧૦/૧૨/૧૯૯૮ | ૫૫ |
| ૧૩ | બીજાપક્ષકારની જન્મ તારીખની ચકાસણી બાબત તલાટીને લખેલ પત્ર. | તા.૨૮/૧૧/૨૦૨૫ | ૫૯ |
| ૧૪ | તલાટીએ બીજાપક્ષકારના જન્મ પ્રમાણપત્રની ચકાસણી બાબત લખેલ પત્ર. | તા.૨૬/૧૨/૨૦૨૫ | ૬૦ |
| ૧૫ | અપ્રાપ્ય પ્રમાણપત્ર | તા.૨૬/૧૨/૨૦૨૫ | ૬૧ |
| ૧૬ | સંસ્થાએ કલેકટરશ્રીને લખેલ પત્રની નકલ. | તા.૨૬/૧૨/૨૦૨૫ | ૬૨ |
| ૧૭ | બીજાપક્ષકારને નિવૃતી વખતે ચુકવેલ લાભાલાભનું સ્ટેટમેન્ટ. | તા.૧૯/૦૧/૨૦૨૬ | ૬૩ |

**(૮)..** આ કામે બીજાપક્ષકાર કામદાર તરફે તેમના પ્રતીનીધીશ્રી એ.જી.મિર્ઝા ધ્વારા મૌખીક તેમજ આંક–૬૪ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલી છે. વધુમાં બીજાપક્ષકાર તરફે દલીલોના સમર્થનમાં નીચે મુબજના નામ.વડી અદાલતોના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) ગોવિંદભાઈ એમ.કરશાલા વિરુધ્ધ ગુજરાત ઈલેક્ટ્રીસીટી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી, ૨૦૦૬ (૦) એ.આઈ.જે.ઈ.એલ– એચ.સી ૨૧૭૨૫૪

(૨) ઈશ્વરલાલ મોહનલાલ ઠક્કર વિરુધ્ધ પશ્ચીમ ગુજરાત વિજ.કંપની લી. તથા અન્ય, એસ.એલ.પી (સી) નં. ૨૨૭૯૮–૨૦૧૩

(૩) એલ.આઈ.સી. તથા અન્ય વિરુધ્ધ રામપાલસીંગ બીસન (૨૦૧૦)-૪ એસ.સી.સી.૪૯૧.

ત્યારબાદ પ્રથમપક્ષકાર સંસ્થા તરફે તેમના વકીલશ્રી એ.ડી.ત્રિવેદીનાઓએ મૌખીક તેમજ આંક-૬૬ થી લેખીત દલીલો રજુ કરેલી છે તથા તેમની દલીલોના સમર્થનમાં નીચે મુજબના નામદાર વડી અદાલતોના ચુકાદાઓ રેફર કરેલ છે.

નામદાર સુપ્રીમ કોર્ટઃ-

State Of Maharashtra & ANR. v. Gorakhnath Sitaram Kamble & ORS. Civil Appeal No.9704/2010

નામદાર ગુજરાત હાઈ કોર્ટઃ-

Bhagavatiben Tejumal Jagani v. Uttar Gujarat Vij Company LTD (UGVCL). R/Special Civil App No.21293 of 2017

**(૯)..** સદર કેસની હકીકત, રજુ પડેલ પુરાવા તથા બન્ને પક્ષકારોની દલીલોના અંતે મારી સમક્ષના કેસમાં નીચે મુજબના મુદ્દાઓ ન્યાયનિર્ણય માટે ઉપસ્થીત થાય છે.

૧. શું બીજાપક્ષકાર પુરવાર કરે છે કે, સંબંધિત કામદાર નામે મગનભાઈ વિરજીભાઈ નીનામા અને પ્રથમપક્ષકાર સંસ્થા વચ્ચે એમ્પલોયર-એમ્પલોઈ એટલે કે, માલીક અને નોકરનો સંબંધ સ્થાપિત થયેલ છે?

૨. શું બીજાપક્ષકાર પુરવાર કરે છે કે, સંબંધિત કામદાર તેમના સર્વીસ રેકર્ડના રજીસ્ટરમાં દાખલ થયેલ તેમની જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૪ ની જગ્યાએ સુધારો કરી તેમની જન્મ તારીખ ૦૩/૧૨/૧૯૬૯ ના રોજની કરવા હકકદાર છે?

૩. શું બીજાપક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૪. શું હુકમ?

**(૧૦)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા ઉત્તરો નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

**::કારણો::**

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :</u>**

**(૧૧)..** સદર કામે બીજાપક્ષકાર સંબંધીત કામદાર ધ્વારા સદર તકરાર ટ્રેડ યુનિયન નામે શ્રી વિધુત કામદાર સંઘ મારફતે ઉભી કરવામાં આવેલી અને કન્સીલેશન કેસમાં સમાધાન ના થતા નાયબશ્રમ આયુકત અમદાવાદ ધ્વારા સદર તકરાર અત્રેની ટ્રિબ્યુનલમાં ઔધોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ ની કલમ-૧૦(૧) મુજબ રેફર કરવામાં આવેલ.

**(૧૨)..** સદર કામે બીજાપક્ષકાર તરફે યુનિયન પ્રતીનીધીશ્રી એ.જી.મિર્ઝા ધ્વારા દલીલો રજુ કરવામાં આવેલી છે અને તેઓ તેઓની દલીલોમાં રજુઆત કરી જણાવે છે કે, સંબંધીત કામદારે તેમના સર્વીસ રેકર્ડમાં રજીસ્ટર થયેલ જન્મ તા.૧/૬/૧૯૬૪ ના સ્થાને તા.૩/૧૨/૧૯૬૯ કરવાની ડીમાન્ડ કરેલ છે અને સંબધીત કર્મચારીની જન્મ તારીખ જન્મના દાખલ મુજબ તા.૩/૧૨/૧૯૬૯ છે અને સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં શરતચુકથી તા.૧/૬/૧૯૬૪ લખાયેલ છે. વધુમાં સંબંધીત કર્મચારીના પિતાશ્રી ધ્વારા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં તા.૨૦/૭/૧૯૮૫ ના સરપંચશ્રી જાલેટી ગામ ધ્વારા ખરાઈ સબબ દાખલો રજુ કેરલ છે અને તા.૩૦/૬/૧૯૮૪ ના રોજ જન્મ તારીખ સુધારવા સોગંદનામું પણ રજુ કરેલ છે જેથી સંબંધીત કામદારની જન્મ તારીખનો વિવાદ વર્ષ–૧૯૮૪–૮૫ થી ઉપસ્થીત થયેલ છે. વધુમાં સંબંધીત કામદાર પહેલા સેનામાં જોડાયેલા અને ત્યારબાદ વર્ષ–૧૯૯૮ માં પ્રથમપક્ષકારની ફરજોમાં જોડાયા બાદ તેમની જન્મ તારીખ સુધારવાનો પ્રયત્ન કરતા આવેલા છે અને સ્કુલ લીવીંગના રજીસ્ટરમાં એસ.એસ.સી ના અભ્યાસ કર્યા બાદ જન્મતારીખ સુધારી શકાતી નથી. જેથી

સંબંધીત કામદારના સ્કુલ લીવીંગ રજીસ્ટરમાં થયેલ તારીખ સુધારવામાં આવેલ નથી અને જન્મના દાખલા મુજબ તારીખ સંસ્થા ધ્વારા સર્વીસબુકના રેકર્ડમાં લખવામાં આવેલ ના હોવાથી આ વિવાદ ઉપસ્થીત કરવાનો જરુરી બનેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે, સંબંધીત કાર્મચારીએ તેમની ફરજોની શરુઆતથી જ તેમના ધ્વારા લીવીંગ સર્ટીફીકેટના આધારે રજીસ્ટર થયેલ તારીખ ખોટી લખાયેલ હોય જન્મ પ્રમાણ પત્ર મુજબ સાચી લખવા લખાવવાની સતત રજુઆતો કરેલ હોવા છતા તેમને ન્યાય ના મળતા નિવૃત થવાના ત્રણ વર્ષ પહેલા તેઓએ વર્ષ–૨૦૨૧ માં આ વિવાદ ઉપસ્થીત કરેલ છે અને સદર વિવાદ રજુ દસ્તાવેજી પુરાવો અને પડેલા સાક્ષી અને રજુ કરેલ નામ.એપેક્ષ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ વંચાણે લેતા કેસ પુરવાર થયા છે અને સદર રેફરન્સ મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૧૩)..** સદર કામે પ્રથમપક્ષકાર સંસ્થા તરફથી તેમના વિ.વ.શ્રી એ.ડી.ત્રિવેદી રજુઆત કરી જણાવે છે કે, બીજાપક્ષકારને કોઇ કાયદાકીય અધીકાર નથી અને કોઈપણ પ્રકારના આક્ષેપો બીજાપક્ષકાર ધ્વારા પુરવાર કરેલ નથી. વધુમાં બીજાપક્ષકાર પહેલા સેનામાં જોડાયેલા અને ત્યારબાદ પ્રથમપક્ષકાર સંસ્થામાં તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ નોકરીમાં જોડાયેલા અને તે સમયે તેઓએ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ કરેલો અને તે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં તેમની જન્મ તારીખ તા.૧/૬/૧૯૬૪ દર્શાવેલ હોવાથી સંસ્થામાં સંબંધીત કામદારની સેવા પોથી જે નિભાવવામાં આવે છે તેમાં તે મુજબની નોંધ કરવામાં આવેલી. વધુમાં બીજાપક્ષ્કાર દ્વારા સૌપ્રથમ નોકરીમાં દાખલ થયાના આશરે ૧૧ વર્ષ પછી તા.૫/૬/૨૦૦૮ ના રોજ અરજી કરેલી અને તે અરજીનો પ્રથમપક્ષ્કાર સંસ્થા ધવારા જવાબ આપવામાં આવેલ કે, સુધારા નીતી નીયમ મુજબ જન્મની તારીખમાં સુધારો થઈ શકે નહી અને તે હકીકત બીજાપક્ષકાર તેમની ઉલટતપાસમાં કબુલ કરે છે. વધુમાં સંબંધીત કામદારે ત્યારેબાદ આશરે ૫ વર્ષ બાદ તા.૨૮/૫/૨૦૧૩ ના રોજ અરજ કરેલ અને પ્રથમપક્ષકાર સંસ્થાના સરકયુલર નં.૬૨૩ તા.૩/૧૨/૧૯૯૮ ના સંદર્ભમાં તારીખ.૭/૧૦/૨૦૧૩ ના રોજ જવાબ આપેલ અને ત્યારબાદ સબંધીત કામદાર ધ્વારા આ રેફરન્સ લઈને આવેલ છે, તે સંસ્થાના નીતીનીયમ મુજબ ચાલી શકે નહી. વધુમાં પ્રથમપક્ષકાની માતૃ સંસ્થાના પરીપત્ર ક્રમાંક નંબર-એજીએમ/એચઆરડી/ડે.સેક્રે.(એ)૫૭૦ તા.૧૬/૧૧/૧૯૯૯ થી એસ.આર.૧૮માં સુધારો કરવામાં આવેલ અને કર્મચારી

નોકરીમાં દાખલ થયાના બે વર્ષ સુધી તેમની જન્મ તરીખમાં સુધારો કરાવી શકે અને તે સુધારો કરવા માટે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ એસ.એસ.સી અને તે સાથે બોર્ડના સેક્રેટરીની અપ્રુવલ લેવાની હકીકત છે. પરંતુ સંબંધીત કામદાર ધ્વારા સૌપ્રથમ વર્ષ–૨૦૦૮ માં અરજી કરવામાં આવેલી જેથી બીજાપક્ષકાર કામદારની રજુઆત નામંજુર કરવામાં આવેલ છે. વધુમાં બીજાપક્ષકારની માંગણીને એસ્ટોપલ અને ડીલે લેચીસનો બાદ નડે છે. વધુમાં સદર કેસમાં માંગવામાં આવેલી દાદ પ્રથમથી જ રદ જવાને પાત્ર છે અને પક્ષકારો વચ્ચે ઔધોગીક તકારાર કે ઔધોગીક બાબતની હાજરી પ્રથમથી જ પ્રથમપક્ષકાર વિરુધ્ધ ટકી શકે તેમ ના હોય સદર રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

**(૧૪)..** સદર કેસની હકીકતો તથા હાલના કામદાર જે તકરાર લઈને આવેલ છે તે પ્રથમપક્ષકાર વિરુધ્ધ લાવેલ છે અને પ્રથમપક્ષકાર જી.એસ.ઇ.સી.એલ ગાંધીનગર છે અને સદર કેસની હકીકતો વંચાણે લેતા હાલના સંબંધીત કામદારની નિમણુંક પ્રથમપક્ષકાર ધ્વારા કરવામાં આવેલ હોવાની હકીકત જણાય છે. સદર કામે નાયમ શ્રમ આયુકત અમદાવા ધ્વારા જે રેફરન્સ આપવામાં આવેલ છે તેની અનુસુચીમાં સંબંધીત કામદારનું નામ શ્રી એન.એમ.નીનામા જણાઇ આવે છે. પરંતુ માંગણાના નિવેદન તથા બન્ને પક્ષકારો તરફે રજુ દસ્તાવેજો તેમજ સર્વીસ રેકર્ડ વંચાણે લેતા સંબંધીત કામદારનું નામ શ્રી મગનભાઈ વિરજીભાઇ નિનામા હોવાની હકીકત જણાય છે અને સદર કામે પ્રથમપક્ષકાર તરફે રજુ જવાબની વિગતો વંચાણે લેતા આ હકીકત નિર્વીવાદ છે કે, સંબંધીત કામદાર નામે એમ.વી.નીનામાને તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ નિમણુંક આપવામાં આવેલ. પ્રથમપક્ષકાર સંસ્થામાં સંબંધીત કામદારને ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન જે પ્રથમપક્ષકાર સંસ્થાના તાબાનું વીજનુ ઉત્પાદન કરતુ એકમ છે તેમાં સિક્યોરિટી ઇન્સપેકટર તરીકે ફરજો બજાવતા હોવાની હકીકત બીજાપક્ષકાર તરફે રજુ માંગણાના નિવેદનમાં જણાઇ આવે છે અને આ હકીકત અંગે કોઇ તકરાર પ્રથમપક્ષકાર સંસ્થા ધ્વારા લેવામાં આવેલ નથી. આ સંબંધે નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ડી.એન બેનરજી વિરુધ્ધ પી.આર મુખરજી તથા અન્ય ૧૯૫૩ એઆઇઆર ૫૮ વંચાણે લેતા કોઇ સંસ્થા જાહેર હીત અંગનુ કાર્ય કરતી હોય અને તે સંદર્ભે કામદાર પાસેથી કામ કરાવતી હોય ત્યારે તે સંસ્થાનો હેતુ લાભ લેવાનો છે કે કેમ તે જોવાનું રહેતુ નથી અને તે સંસ્થાને ઉધ્યોગની

પરીભાષામાં આવેલ હોવાનું તારણ નામદાર સુપ્રીમ કોર્ટે આપેલ છે. વધુમાં પ્રથમપક્ષકાર સંસ્થા વિજ બોર્ડ હોવાથી બંધારણીય અસ્તીત્વ ધરાવતી સંસ્થા છે. જેથી પ્રથમપક્ષકાર સંસ્થા અને કામદાર વચ્ચે જે કોઈ તકરાર ઉપસ્થીત થાય તે ઔધોગિક તકરાર હેઠળ આવે છે. સદર તકરાર ઔધોગિક તકરાર અન્વયેની હોય, **તે માટે નામ.સુપ્રિમ કોર્ટનો હાલનો ચુકાદો ૨૦૨૫ આઈ.એન.એસ.સી ૧૧૭૫, જનરલ મેનેજર, યુ.પી.કોઓર્પેટીવ બેન્ક લીમીટેડ વિરુધ્ધ અચ્છેલાલ વિરુધ્ધ તથા અન્યમાં ઠરાવેલ છે કે, ઔધોગિક તકરાર માટે પક્ષકારો વચ્ચે માલીક અને નોકરનો સંબંધ છે કે કેમ? તે નકકી કરવાનું રહે છે અને તે માટે નીચે મુજબની કસોટી નકકી કરી છે.**

1. Control Test
2. Organisation/Integration Test
3. Multiple Factor test
4. Refinement of the multifactor test

વધુમાં નામ.સુપ્રિમ કોર્ટે જનરલ મેનેજર (સુપ્રા) ના ચુકાદામાં અગાઉ આપેલ ચુકાદાઓની છણાવટ કરી અને નીચે મુજબની કસોટી નકકી કરેલી.

To identify whether sham arrangements exist, this Court in Workmen of Nilgiri Coop. Mktg. Society Ltd. v. State of T.N. reported in (2004) 5 SCC 514 ruled that piercing the veil was necessary. Whether the arrangement was a sham was not considered as a question of law. Such a determination must be adjudicated based on the evidence adduced in the court by either party and not merely by referring to the provisions. The relevance of factors other than the control and integration to determine whether the workers are employees or independent contractors was brought out. The court examined the following factors

a) who is the appointing authority?

b) who is the paymaster?

c) who can dismiss?

d) the duration of an “alternative service”

e) the extent of control and supervision

f) the nature of the job, e.g. whether it is professional or skilled work;

g) nature of establishment;

h) the right to reject.

In Sushilaben Indravadan Gandhi v. The New India Assurance Company Limited, reported in (2021) 7 SCC 151, Hon'ble Supreme Court revisited the distinction between a contract of service and a contract for service and the multifactor test was reiterated, consisting of the following

a) Control over the work and manner in which it is conducted

b) Level of integration into employers' business

c) Manner in which remuneration is disbursed to workers

d) Economic control over workers

e) Whether work being conducted is for oneself or a third party

**(૧૫)..** સદર કામે હાથ ઉપરના કેસની હકીકતો વંચાણે લેતા ઔધોગિક તકરાર અન્વયે પક્ષકારો વચ્ચે એમ્પલોયર-એમ્પ્લોઈ નો સંબંધ છે કે કેમ? તે માટે બીજાપક્ષકાર કામદારની નિમણુંક પ્રથમપક્ષકાર ધ્વારા જે મુજબ કરવામાં આવેલી છે તે અગત્યનુ છે. સદર કેસની હકીકતો વંચાણે લેતા સંબંધીત કામદાર પહેલા સેનામાં નોકરી કરતા હતા અને ત્યારબાદ તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ પ્રથમપક્ષકાર સંસ્થામાં વાયરમેનના હોદ્દા ઉપર હાજર થયેલ. સદર કામે માંગણાના નિવેદનની હકીકતો પુરવાર કરવા સંબંધીત કામદાર પોતે સાક્ષી તરીકે આવેલ છે અને તેઓએ આંક-૧૭ થી પુરાવારુપી સોગંદનામું રજુ કરેલ છે અને તેમાં તેઓ પ્રથમપક્ષકાર સંસ્થામાં ફરજ ઉપર હાજર થયેલ હોવાની હકીકત જણાવે છે અને આંક-૨૩ થી બીજાપક્ષકાર તરફે જે ડીમાાન્ડ તા.૧૭/૧૨/૨૦૨૧ ના રોજ ઉભી કરવામાં આવેલી તે દસ્તાવેજ વાંચણે લેતા તેમાં તેઓ વોચમેનના હોદ્દા ઉપર તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ હાજર થયેલ હોવાનું જણાય છે અને સદર કામે પ્રથમપક્ષકાર સંસ્થા ધ્વારા આંક-૪૪ થી સંબંધીત કામદારની જે સર્વીસબુકની નકલ રજુ કરેલ છે તેમાં તેઓ તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ વોચમેન તરીકે પ્રથમપક્ષકાર સંસ્થામાં હાજર થયેલ હોવાનું રેકર્ડે આવે છે તેમજ તેમાં સંબધીકત કામદાર જન્મની તારીખ:-૧/૬/૧૯૬૪ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ પ્રમાણે દાખલ કરેલ હોવાની હકકીત જણાય છે. વધુમાં આ કામે પ્રથમપક્ષકાર સંસ્થા ધ્વારા આંક–૬૨ થી રજુ દસ્તાવેજ વંચાણે લેતા સંબંધીત કામદાર તા.૩૦/૬/૨૦૨૪ ના રોજ નિવૃત

થયેલ હોવાની હકીકત જણાય છે. સદર કામે બન્ને તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા સંબંધીત કામદાર તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ પ્રથમપક્ષકાર સંસ્થામાં હાજર થયેલ હોવાનું અને તે સમયે તેમની સેવા પોથીમાં જન્મ તારીખ ના કોલમમાં તેમની જન્મ તારીખ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટના આધારે તા.૧/૬/૧૯૬૪ મુજબ દાખલ કરેલ હોવાનું અને ૬૦ વર્ષ પુરા થયા બાદ સંબંધીત કામદાર તા.૩૦/૬/૨૦૨૪ ના રોજ નિવૃત પામેલ હોવાની હકીકત રેકર્ડે આવે છે અને સદર કામના સંબધીત કામદારે સદર વિવાદ તેમની નોકરી દરમીયાન એટલે કે વર્ષ–૨૦૨૧ માં ઉભો કરેલ હોવાથી અને તે સમયે સંબંધીત કામદાર પ્રથમપક્ષકાર સંસ્થામાં ફરજ બજાવતા હોવાથી, સંબંધીત કામદાર અને પ્રથમપક્ષકાર સંસ્થા વચ્ચે માલીક નોકરનો સંબંધ અસ્તિત્વમાં હોવાની હકીકત રેકર્ડે આવે છે.

**આમ સંબંધિત કામદારને વર્ષ–૧૯૯૮ માં કાયમી કામદાર તરીકે નીમણુંક આપેલ હોવા અંગે કોઇ તકરાર જણાતી ના હોવાથી અને સંબંધીત કામદાર કાયમી કામદાર જે મુજબ કામગીરી કરતા હોય તે મુજબની કામગીરી કરતા હોવાની હકીકત રેકર્ડે જણાતી હોવાથી તેમજ પ્રથમપક્ષકાર સંસ્થાનો હાલના કામદાર ઉપર નિયંત્રણ અને સુપરવિઝન હોવાથી, પ્રથમપક્ષકાર સંસ્થા અને બીજાપક્ષકાર કામદાર વચ્ચે એમ્પલોયર-એમ્પલોઈ નું રીલેશન પુરવાર થાય છે.**

**મુદ્દા નં.૨ અને ૩ની ચર્ચા :**

**(૧૬)..** ઉપરોકત બન્ને મુદ્દા એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવા તેમજ સરળતા ખાતર બન્ને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવે છે. સદર કામે બીજાપક્ષકાર સંબંધીત કામદાર તરફે વિવાદ ઉપસ્થીત કરી તેમની સર્વીસ બુકામા જન્મની તારીખમાં સુધારો કરવા રજુઆત કરવામાં આવેલી છે અને આ હકીકત અંગે કોઇ વિરોધાભાસ નથી કે સંબંધીત કામદાર દવારા નિવૃત થતાના ત્રણ વર્ષ પહેલા આ વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે. આ સંબંધે બીજાપક્ષકાર તરફે તેમના વિ.યુનિયન પ્રતીનીધીશ્રીએ તેમની દલીલોમાં રજુઆત કરી જણાવે છે કે, સંબંધીત કામદાર જયારે વર્ષ–૧૯૯૮ માં નોકરીમાં દાખલ થયા ત્યારથી જ તેઓ તેમની જન્મની તારીખમાં સુધારો કરવા વર્ષ–૨૦૦૮ સુધી સતત રજુઆતો કરતા આવેલ અને સંબધીત

કામદાર ધ્વરા પ્રથમપક્ષકાર સંસ્થામાં હાજર થયાના સમયથી જન્મનો દાખલો અને લીવીંગ સર્ટીફીકેટ સર્વીસબુક ખોલાવવા રજુ કરેલ અને જન્મના દાખલા તથા એફીડેવીટના આધારે સાચી જન્મ તારીખ તા.૩/૧૨/૧૯૬૯ રજીસ્ટ્રર કરવાનો આગ્રહ કરેલ. પરંતુ સંસ્થા ધ્વારા લીવીંગ સટીફીકેટના આધારે સંબંધીત કામદારની જન્મ તારીખ ૧/૬/૧૯૬૪ જ રજીસ્ટર કરેલ. વધુમાં પ્રથમપક્ષકાર સંસ્થાના અધીકારી ધ્વારા જાણવા મળેલ કે, જન્મતારીખ સુધારવા માટે ગેઝેટનમાં સુધારો પ્રસીધ્ધ કરાવવો આવશ્યક છે અને સંબંધીત કામદાર ધ્વારા ગેઝેટમાં જરુરી સુધારો પ્રીસીધ્ધ કરાવી સાચી જન્મ તારીખ .૧૩/૧૨/૧૯૬૯ હોવાનુ જાહેર કરેલ. ત્યારબાદ બીજાપક્ષકાર સંબંધીત કામદાર ધ્વારા તા.૬/૮/૨૦૧૩ ના રોજ અરજી કરેલી પરંતુ સંસ્થાની વડી કચેરી ધ્વારા સદર જન્મ તારીખ સુધારવા ઇનકાર કરેલ. વધુમાં બીજાપક્ષકારના વિ.યુનિયન પ્રતીનીધીશ્રી તેમની દલીલોના સમર્થનમાં ગ્રામ પંચાયતના દાખલા અને સંબંધીત કામદારના પિતાશ્રીની એફીડેવીટ રેફર કરી ફરજમાં હાજર થયા તારીખ પહેલાથી જ વિવાદ ઉપસ્થિત થયેલ હોવાની હકીકત જણાવે છે. વધુમાં રજુઆત કરી જણાવે છે કે, સંબંધીત કામદાર ૬ વર્ષની ઉમંરે સ્કુલમાં દાખલ થયા હોય વર્ષ–૧૯૬૯ ના જન્મની હકીકત પુરવાર થાય છે અને સ્કુલ લીવીંગમાં લખેલ જન્મતારીખ ૧૯૬૪ વંચાણે લેવામાં આવે તો સંબંધીત કામદાર ૧૨ વર્ષની ઉંમરે પહેલા વર્ગમાં દાખલ થયા હોય જેથી પ્રાઇમાફેસીસ સ્કુલના સત્તાવાળા ધ્વારા ખોટી જન્મતારીખ લખાયેલ હોવાનું પુરવાર થાય છે. વધુમાં બીજાપક્ષકાર તરફે તેમના વિ.પ્રતીનીધીશ્રી પ્રથમપક્ષકાર સંસ્થાના અધીકારીશ્રી વિજય પટેલના જન્મતારીખના વિવાદ સંબંધે દસ્તાવેજો રજુ કરી રજુઆત કરેલ છે કે, સદર અધીકારીની જન્મની તારીખ ૨૫/૧૨/૧૯૫૩ ની જગ્યા તા.૧૫/૧૨/૧૯૫૪ જન્મ પ્રમાણપત્ર મુજબ રજુ કરવાની અરજ કરેલ અને સદર અધીકારીની નિવૃત થવાની સમયમર્યાદા ૧(એક) વર્ષની પ્રથમપક્ષકાર ધ્વારા વધારી દેવામાં આવેલ. જેથી કર્મચારી-કર્મચારી વચ્ચે વિસંગતતા પુરવાર થાય છે. વધુમાં સંબંધીત કર્મચારીની ડીફેનસના રેકર્ડમાં જન્મ તારીખ:-૦૧/૪/૧૯૬૪ હોવાની હકીકત છે અને ડીફેન્સના સત્તાધીકારીઓ પણ લીવીંગમાં લખાયેલ તારીખ ૧/૬/૧૯૬૪ ની જગ્યાએ તા.૧/૪/૧૯૬૪ લખેલ. વધુમાં રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એક્ટ મુજબ બર્થ સર્ટીફીકેટને તમામ સરકારી રેકર્ડમાં જન્મની તારીખ તરીકે નોંધણી કરવાનુ ફરજીયાત બનાવેલ છે જેથી પ્રથમપક્ષકાર સંસ્થાને

જન્મના દાખલા મુજબ સર્વીસબુકમાં જન્મતારીખ રજીસ્ટ્રર કરવાના લીગલ ઓબ્લીગેશન હોવા છતા સ્કુલ લીવીંગ મુજબ નોંધ કરી કામદારને અન્યાય કરવાનુ પુરવાર થાય છે. જેથી સદર રેફરન્સ મંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૧૭)..** સદર કેસની હીકકતો વંચાણે લેતા, સંબંધીત કામદાર તા.૩૦/૬/૨૦૨૪ ના રોજ નિવૃત પામેલ હોવાની હકીકત જણાય છે અને સદર વિવાદ સંબંધીત કામદારે નિવૃતીના ત્રણ વર્ષ પહેલા ઉપસ્થીત કરેલ હોવાની હકીકત નિર્વીવાદીત છે. સદર કામે બીજાપક્ષકાર તરફે તેમના વિ.પ્રતીનીધીશ્રી સબંધીત કામદારની જન્મ તારીખમાં સુધારા કરવા સબબ રજુઆત નોકરીમાં દાખલ થયાની તારીખથી સતત ૨૦૦૮ સુધી કરેલ હોવાની હકીકત જણાવે છે. પરંતુ આ કામે સંબંધીત કામદારની આંક–૧૭ ની ઉલટતપાસ વંચાણે લેતા તેઓ સંસ્થામાં જન્મતારીખ બાબતે રજુઆત કર્યા અંગેનો કોઇ પુરાવો આ કામે રજુ કરેલ ન હોવાની હકીકત કબુલ કરે છે. વધુમાં સદર સાહેદ તેમના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં તા.૧/૬/૧૯૬૪ હોવાની હકીકત કબુલ કરે છે. વધુમાં સદર સાહેદ તેમની ઉલટતપાસમાં તા.૫/૬/૨૦૦૮ ના રોજ સંસ્થામાં લેખીત રજુઆત કરેલ હોવાનુ અને તેનો જવાબ તેમને તા.૨૪/૬/૨૦૦૮ ના રોજ આપેલ હોવાની હકીકત કબુલ કરી જાય છે. સદર કામે બીજાપક્ષકાર તરફે જે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે તેમાં આંક-૨૫ થી સંબંધીત કામદારનું જન્મ પ્રમાણપત્રની નકલ રજુ છે અને તે જન્મ પ્રમાણપત્ર તા.૧૫/૩/૨૦૦૮ ના રોજ ઇસ્યુ કરેલ હોવાની હકીકત જણાય છે અને આ કામે સંબંધીત કામદારની જન્મ તારીખ બાબતે જે દસ્તાવેજ ઉપર બીજાપક્ષકારના વિ.પ્રતીનીધીશ્રી આધાર રાખે છે તે સદર કામે આંક-૩૯ થી જાલેટી ગ્રામ પંચાયતના સરપંચ ધ્વારા સંબંધીત કામદારની ખરી ઉંમર તા.૦૩/૧૨/૧૯૬૯ હોવા બાબતના દાખલની ઝેરોક્ષ નકલ રજુ છે. વધુમાં બીજાપક્ષકારના વિ.પ્રતીનીધીશ્રી સબંધીત કામદારના પિતાશ્રી જે વર્ષ–૧૯૮૪ માં જન્મ બાબતે સોગંદનામુ કરેલ હોવાની હકીકત જણાવે છે તે અસલ સોગંદનામું આ કામે રજુ કરેલ નથી જેથી ખરેખર સોગંદનામુ કરવામાં આવેલ હોય અને તે સોગંદનામાં જે હકીકત લખવામાં આવેલી છે તે પુરવાર થતી નથી.

**(૧૮)..** સદર કામે આંક-૩૯ થી જાલેટી ગ્રામ પંચાયતના સરપંચ ધ્વારા જે જન્મના દાખલા આપવામાં આવેલ તે રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એકટ

કે પ્રથમપક્ષકાર સંસ્થાના જી.એસ.ઓ મુજબ કે પેટા નિયમો મુજબ જન્મની તારીખના પુરાવા અંગે માન્ય હોય તેમ જણાતુ નથી તેમજ બીજાપક્ષકાર યુનિયનના પ્રતીનીધીશ્રી જે સોગંદનામા ઉપર આધાર રાખે છે તે સોગંદનામુ પણ સંબંધીત કામદારના જન્મ બાબતે રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એકટ કે પ્રથમપક્ષકાર સંસ્થાના જી.એસ.ઓ મુજબ કે પેટા નિયમો મુજબ જન્મની તારીખના પુરાવા અંગે માન્ય હોવાનું જણાતુ નથી. રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એક્ટ ૨૦૨૩ ની કલમ-૧૭ મુજબ સદર એકટની કમલ–૧૨ હેઠળ આપવામાં આવેલ સર્ટીફીકેટ કેન્દ્ અથવા રાજય સરકાર અથવા લોકલ બોડી અથવા ઓટોનોમસ બોડીમાં જન્મના પુરાવા તરીકે ગ્રાહય રાખવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. જેથી સદર કામે આંક-૨૫ થી જે જન્મનું પ્રમાણપત્ર સંબંધીત કામદારનું રજુ છે તે પુરાવામાં ગ્રાહય કરી શકાય. પરંતુ સદર દાખલો આ કામના સંબંધીત કામદાર જ્યારે વર્ષ–૧૯૯૮ માં નોકરીમાં દાખલ થયા તે પહેલાનો હોવાનુ જણાતુ નથી અને તા.૧૫/૩/૨૦૦૮ ના રોજ સદર દાખલો ઈસ્યુ કરેલ હોવાથી તથા સંબંધીત કામદાર ધ્વારા વર્ષ–૧૯૯૮માં નોકરીમાં દાખલ થયા બાદ જન્મની તારીખમાં સુધારો કરવા માટે કોઈ અરજી કરેલ હોય તેવા કોઈ આધાર પુરાવાઓ રજુ કરેલ ના હોવાથી એવી હકીકત રેકર્ડે આવે છે કે, સંબંધીત કામદાર ધ્વારા નોકરીમાં દાખલ થયા બાદ સૌપ્રથમ વર્ષ–૨૦૦૮ માં તેમની જન્મની તારીખ સર્વીસ બુકમાં સુધારવા માટે અરજી કરેલી.

**(૧૯)..** સદર કામે બીજાપક્ષકારના વિ.પ્રતીનીધીશ્રી ની દલીલો મુજબ આંક-૪૦ થી રજૂ જનરલ એડમીનીસ્ટેશન ડીપાર્ટમેન્ટનું નોટીફીકેશન રેફર કરી તમામ સરકારી ઓથોરીટીને લાગુ પડતું હોવાનું રજુઆત કરેલ છે. તેમજ આંક-૪૧ થી પ્રથમપક્ષકારની માતૃ સંસ્થા અસ્ટવ્હાઇલ જી.ઈ.બી ધ્વારા સર્વીસ રેગ્યુલેશન ૧૮ માં પેરા–૩ થી અમેન્ડમેન્ટ કરી તમામ કર્મીઓની જન્મ તારીખ બર્થ સર્ટીફીકેટ મુજબ રજીસ્ટર કરવાનો જે પરીપત્ર બહાર પાડેલ તે તેમની દલીલોમાં રેફર કરેલ છે. વધુમાં રજુઆત કરી જણાવેલ છે કે, સંબંધીત કામદારની જન્મતારીખ ૧૩/૧૨/૧૯૬૯ હોવા છતા પ્રથમપક્ષ્કાર સંસ્થાએ કામદારની જન્મ તારીખ ૧/૬/૧૯૬૪ રજીસ્ટર કરેલી. વધુમાં બીજાપક્ષકારના વિ.પ્રતીનીધીશ્રી તેમની દલીલોના સમર્થનમાં નામ. એપેક્ષ કોર્ટનો ચુકાદો સીવીલ.અપીલ નં.૪૫૫૮/૧૪ (સુપ્રા) તથા નામ.ગુજરાત હોઇકોર્ટ ધ્વારા

સ્પે.સી.એપ્લી નં.૪૧૬૮/૨૦૦૨ (સુપ્રા) રેફર કરી જન્મના દાખલાના આધારે સંબંધીત કર્મચારીની જન્મ તારીખ જાહેર કરી તફાવતનો તમામ પગાર ચુકવવા માટે હુકમ કરવા રજૂઆત કરેલ છે. વધુમાં સદર રેફરન્સ સમયમર્યાદામાં દાખલ થયેલ હોવાનું અને જન્મના દાખલના આધારે સંબંધીત કર્મચારીની સર્વીસ બુકમાં તેમની જન્મ તારીખમાં સુધારો કરી સંસ્થાના પરીપત્ર નં.૬૨૩ ના સર્વીસ રેગ્યુલેશન નં.૧૮ મુબજ ૫૦ વર્ષની ઉંમર સુધી જન્મ તારીખના ફેરફાર ગ્રાહય રાખવાની જોગવાઇ હોવાથી અને સંબંધીત કામદાર હાજર થયાના સમયથી સ્કુલ લીંવીંગ સર્ટીફીકેટમાં લખાયેલ જન્મ તારીખ ખોટી હોય, જન્મ પ્રમાણપત્રના આધારે સંબંધીત કામદારની જન્મની તારીખ તા.૧૩/૧૨/૧૯૬૯ હોય, તેમને પ્રીમેચ્યોર રીટાયર જાહેર કરેલ હોય, તેઓને તેઓના આ રેફરન્સ મંજુર કરી માંગેલ દાદ મંજુર કરવા રજુઆત કરેલ છે.

ઉપરોક્ત દલીલો સંબંધે પ્રથમપક્ષકાર સંસ્થાના વિ.વ.શ્રીની રજૂઆત મુજબ સંબંધિત કામદાર ધ્વારા વર્ષ–૨૦૦૮માં જે જન્મ પ્રમાણપત્ર કઢાવીને રજુ કરેલ છે તે જન્મ પ્રમાણપત્ર તેઓ પુરવાર કરી શકેલ નથી અને આંક–૬૦ થી રજુ તલાટી કમ મંત્રીનો જે પત્ર રજુ છે તેમાં જન્મ રજીસ્ટર ઉપલબ્ધ ના હોવાથી જન્મ પ્રમાણપત્રની ખરાઇ થઇ શકેલ નથી. વધુમાં સંબંધીત કામદાર તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ સંસ્થામાં દાખલ થયેલ અને તે સમયે તેઓએ તેમનું સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ કરેલો અને તે સર્ટીફીકેટમાં સંબંધીત કામદારની જન્મ તારીખ ૧/૬/૧૯૬૪ હોવાથી તે મુજબ એન્ટ્રી કરવામાં આવેલી. વધુમાં પ્રથમપક્ષકાર સંસ્થાના પરીપત્ર નં.૪૬૮ મુજબ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ અથવા એસ.એસ.સી માર્કશીટ માં જે જન્મની તારીખ હોય તે મુજબ સર્વીસબુકમાં એન્ટ્રી કરવાની જોગવાઇ હતી અને તા.૩/૧૨/૧૯૯૮ ના સરકયુલર નં.૬૨૩ થી એસ.આર.૧૮ માં સુધારો કરી સંસ્થામાં દાખલ થયાના બે વર્ષમાં જન્મ તારીખ અંગે સધારા કરવા પરવાનગી આપી શકાય અને જન્મ અંગેના પુરાવા તરીકે સ્કુલ લીવીંગ સટીફ્રીકેટ માન્ચ ગણાય. વધુમાં જે બીજા અધીકારી બી.જે.પટેલ ની જન્મ તારીખ અંગે સુધારો થઇ ગયેલ હોવા બાબતે જે રજુઆત કરવામાં આવેલ છે તે કેસની હકીકતો સંબંધીત કામદારના કેસની હકીકતોથી અલગ છે. વધુમાં સંબંધીત કામદારે નોકરીમાં દાખલ થયાના બે વર્ષ દરમીયાન જન્મ તારીખમાં સુધારો કરવા કોઇ અરજ કરેલ ના હોવાથી તેઓ પછીથી જન્મ ના દાખલા અને ગેઝેટ નોટીફીકેશનના આધારે ૧૧ વર્ષ પછી અરજી કરી શકે નહી

અને સંબંધીત કામદારે વષ–૨૦૦૮ અને વર્ષ–૨૦૧૩ માં જે અરજીઓ કરેલી તે અરજીઓનો જવાબ સંબંધીત કામદારને આપી દીધેલ અને ત્યારબાદ વર્ષ–૨૦૨૧ માં નિવૃત થયાની ઉંમર નજીક આવેલ હોય, સદર વિવાદ ઉપિસ્થત કરેલ હોવાથી સદર વિવાદ ટકવાપાત્ર નથી અને તેમની દલીલોના સમર્થનમાં પ્રથમપક્ષકારનાં વિ.વ.શ્રી નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (સુપ્રા) તથા નામ.ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ભાગવતી બેન (સુપ્રા) રેફર કરી સદર રેફરન્સ નામંજુર કરવા રજુઆત કરેલ છે.

**(૨૦)..** સદર કામે બન્ને તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા સંબંધીત કામદાર તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ પ્રથમપક્ષકાર સંસ્થામાં દાખલ થયેલ અને તે સમયે તેમની પાસે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ હોવાની હકીકત જણાય છે અને તે આધારે તેમની સર્વીસબુકમાં જન્મની તારીખ તા.૧/૬/૧૯૬૪ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ. સદર કામે આંક–૨૫ થી રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એકટ હેઠળ મુજબ જે જન્મ પ્રમાણ પત્ર રજુ છે તે તા.૧૫/૩/૨૦૦૮ ના રોજ ઇસ્યુ કરેલ હોવાથી તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ સંબંધીત કામદાર પાસે ઉપરોકત જન્મ પ્રમાણપત્ર હોય તેમ જણાતુ નથી. સદર કામે બીજાપક્ષકાર તરફે જે નામ.ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ગોંવીંદભાઇ (સુપ્રા) રજુ કરેલ છે તેમાં તા.૧૨/૫/૧૯૯૮ ના સરકયુલર રેફર કરી નામ.ગુજરાત હાઇકોર્ટે રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એક્ટ હેઠળ જે સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવેલ તે મુજબ જન્મ તારીખમાં સુધારો કરવા હુકમ કરેલ અને જે તે કેસમાં કર્મચારીએ ૫૦ વર્ષની ઉંમર પહેલા જ અરજી કરી દીધેલ હોવાથી અને તે સમયે ૧૯૮૯ નો પરીપત્ર લાગુ હોવાથી, નામ.ગુજરાત હાઇકોર્ટે જે તે કર્મચારીની તરફેણમાં હુકમ કરેલ હોવાની હકીકત જણાય છે. વધુમાં બીજાપક્ષકાર તરફે જે નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ઇશ્વરલાલ (સુપ્રા) રજુ થયેલ છે તે કેસમાં પણ ઇલેકટ્રીસીટી બોર્ડના સરકયુલર તા.૨૮/૫/૧૯૯૮ લાગુ હતુ અને જે તે કર્મચારીએ પણ ૫૦ વર્ષની ઉંમર પહેલા જ જન્મ તરીખમાં સુધારા માટે જન્મ પ્રમાણપત્રના આધારે અરજી કરેલી અને જે તે કર્મચારીની તરફેણમાં ઉપરોકત હકીકતો ધ્યાને લઇ નામ.સુપ્રીમ કોર્ટે તેમની તરફેણમાં હુકમ કરેલો. વધુમાં બીજાપક્ષકાર તરફે એલ.આઇ.સી (સુપ્રા) નો ચુકાદો વંચાણે લેતા ડિફેન્સ બચાવ પુરવાર કરવા નિષ્ફળ હોય તો તે હકીકત સ્વીકારાતી નથી. સદર કેસની હકીકતો વંચાણે લેતા આંક-૫૦ થી જે બર્થ સર્ટીફીકેટ ઉપર બીજાપક્ષકાર આધાર રાખે છે તેની

ખરાઇ સંબધીત કાર્યાલયથી થઇ શકેલ નથી. જેથી સદર દસ્તાવેજ ખોટા હોય તે અંગે કોઇ વિપરીત પુરાવો ના હોવાથી આ તબકકે ખોટા માની શકાય નહી. પરંતુ તે હકીકત અંગે કોઇ વિરોધાભાષ નથી કે સદર પ્રમાણપત્ર તા.૧૫/૩/૨૦૦૮ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ.

**(૨૧)..** સદર કામે વર્ષ–૧૯૮૯ નો જે પરીપત્ર આંક-૪૯ થી રજુ છે તેમાં એસ.એસ.સીનો સ્કુલ લીવીંગ સર્ટીફીકેટને જન્મના દાખલા તરીકે માન્ય ગણેલ હોવાની હકીકત જણાય છે. પરંતુ રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એકટની જોગવાઇઓ વંચાણે લેતા તેમજ બીજાપક્ષકાર તરફે રજુ નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ઇશ્વરલાલ (સુપ્રા) તથા ના.ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ગોવીંદભાઇ(સુપ્રા) વંચાણે લેતા રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એક્ટ અન્વયે આપવામાં આવેલ સર્ટીફીકેટ જન્મના દાખલા તરીકે માનય ગણાય અને આ કામના સંબંધીત કામદાર પાસે તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ કે તે પહેલા સદર કાયદાની કલમ ૧૨ મુજબ જન્મ પ્રમાણપત્ર હોય અને તેઓએ સદર પ્રમાણપત્ર નોકરીમાં દાખલ થતા સમયે રજુ કરેલ હોય તો તેઓ તે મુજબ તેમની સર્વીસબુકમાં જન્મ પ્રમાણપત્ર મુજબ એન્ટ્રી કરાવવા હકકદાર બને.

**(૨૨)..** સદર કેસનુ રેકર્ડ વંચાણે લેતા આ હકીકત અંગે કોઇ વિરોધાભાષ જણાતુ નથી કે પ્રથમપક્ષકાર ધ્વારા તા.૩/૧૨/૧૯૯૮ ના રોજ સરકયુલ નં.કર૩ ઇસ્યુ કરી એસ.આર ૧૮ માં ફેરફાર કરી નોકરીમાં દાખલ થયાના બે વર્ષના સમયગાળા સુધી જન્મ તારીખમાં ફેરફાર થઇ શકે તે અંગેની જોગવાઇ કરવામાં આવેલી. આંક-૫૫ થી રજુ સદર સરકયુલર વંચાણે લેતા અગાઉ એસ.આર.૧૮ મુજબ નોકરીમાં દાખલ થયાની તારીખ મહત્વપૂર્ણ હતી નહિ અને કર્મચારી ૫૦ વર્ષની ઉંમર પહેલા કોઇપણ તબકકે તેમની જન્મ તારીખમાં સુધારો કરાવી શકતા હતા. પરંતુ જયારે તા.૩/૧૨/૧૯૯૮ ના રોજ એસ.આર.૧૮ માં સુધારો કરવામાં આવેલ ત્યારે ૫૦ વર્ષની ઉંમર સુધી જન્મની તારીખમાં સુધારા કરવા અંગેની જોગવાઇ કાઢી દેવામાં આવેલી અને નોકરીમાં દાખલ થયાના બે વર્ષ સુધી જ જન્મ તારીખમાં સુધારો થઇ શકે તેવી જોગવાઇ કરવામાં આવેલી. સદર કેસની હકીકતો વંચાણે લેતા સંબંધીત કામદાર તા.૨૫/૧૧/૧૯૯૮ ના રોજ નોકરીમાં દાખલ થયેલા અને તે સમયે તેમની પાસે માન્ય ગણાય એવા ફકત સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ જ હતું અને વર્ષ–૨૦૦૮ માં

તેઓએ રજીસ્ટ્રેશન ઓફ બર્થ એન્ડ ડેથ એક્ટની કલમ–૧૨ મુજબ જન્મ પ્રમાણપત્ર કઢાવેલુ ત્યારે તેઓએ પહેલીવાર જન્મની તારીખમાં સુધારા કરવા માટે અરજી કરેલી એટલે કે, તેઓએ નોકરીમાં દાખલ થયાના બે વર્ષ દરમીયાન કોઇપણ પ્રકારની અરજી કરેલ નથી. જેથી તેઓ સરકયુલર નં.૬૨૩ તા.૩/૧૨/૧૯૯૮ મુજબ તેમની સર્વીસબુકમાં જન્મની તારીખમાં સુધારો કરાવવા હકકદાર બનતા નથી.

**(૨૩)..** સદર કામે બીજાપક્ષકાર તરફે જે અન્ય અધીકારી શ્રી બી.જે.પટેલની જન્મતારીખમાં સુધારો કરી આપેલ હોવાની હકીકત જણાવવામાં આવે છે તે સંદર્ભે રજુ દસ્તાવેજો વંચાણે લેતા જે તે અધીકારી દ્વારા જન્મ પ્રમાણપત્રના આધારે તા.૩/૧૨/૧૯૯૮ ના સરકયુલર આવતા પહેલા અને ૫૦ વર્ષની ઉંમર પુરી થતા પહેલા અરજી કરેલ હોવાથી તેમની સેવા પોથીમાં જન્મ તારીખમાં સુધારો કરેલ હોવાની હકીકત જણાય છે. જેથી હાલના સંબંધીત કામદારના કેસની હકીકત તેમનાથી અલગ હોવાથી ઉપરોકત અન્ય અધીકારી શ્રી બી.જે.પટેલની જન્મ તારીખમાં જે સુધારો કરેલ તે મુજબનો લાભ હાલના સબંધીત કામદારને આપી શકાય નહી.

**(૨૪)..** સદર કામે પ્રથમપક્ષકાર સંસ્થા તરફે નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ મહારાષ્ટ(સુપ્રા) નો ચુકાદો જે રજુ થયેલ છે તે વંચાણે લેતા જન્મ તારીખમાં સુધારો કરવાની અરજી નોકરીની છેલ્લી ધડીએ કરી શકાય નહી અને જન્મ તારીખમાં સુધારો રુલ્સ પ્રમાણે જ થઇ શકે. જેથી નામ.સુપ્રીમ કોર્ટે નામદાર હાઇકોર્ટ ધ્વારા જે જન્મ તારીખ અંગે સુધારો કરવાનો હુકમ કરેલો તે હુકમ સેટ એ સાઇટ કરેલ. વધુમાં પ્રથમપક્ષકાર સંસ્થા તરફે નામ.ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ભાગવતીબેન (સુપ્રા) વંચાણે લેતા નામ.ગુજરાત હાઇકોર્ટે એસ્ટાબ્લીસમેન્ટ સરકયુલર નં.૬૨૩ તા.૩/૧૨/૧૯૯૮ નો અર્થધટન કરી સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં નામ.મેજીસ્ટ્રેટશ્રીના હુકમ મુજબ જન્મ તારીખમાં સુધારો થઇ ગયેલ હોવા છતા જે તે કર્મચારી ધ્વારા તા.૧૧/૮/૧૯૮૩ ના રોજ નોકરીમાં દાખલ થયા ૩૧ વર્ષ પછી તા.૪/૬/૨૦૧૪ ના રોજ જન્મ તારીખમાં સુધારો કરવા જે અરજી કરેલી તે જી.ઇ.બી ધ્વારા સરકયુલર નં.૬૨૩ તા.૩/૧૨/૧૯૯૮ ના આધારે નામંજુર કરવાનો હુકમ કરેલો અને તે સરકયુલ નં.૬૨૩ ધ્યાને લઇ

નામ.ગુજરાત હાઇકર્ટે નોકરીની છેલ્લી ઘડીએ સદર અરજી ટકી શકે તેમ ના હોય જે તે કર્મચારીની એસ.સી.એ નામંજુર કરવાનો હુકમ કરેલો.

**(૨૫)..** સદર હાથ ઉપરના કેસની હકીકતો વંચાણે લેતા નામ.ગુજરાત હાઈકોર્ટે ભાગવતી બેન (સુપ્રા) માં જે તારણ આપેલો તે કેસની હકીકતો હાલના સંબંધીત કામદારના કેસની હકીકતને સંપુણપણે લાગુ પડે છે અને જી.ઇ.બીના સરકયુલર નં.૬૨૩ તા.૦૩/૧૨/૧૯૯૮ મુજબ હાલના સબંધીત કામદારે નોકરીમાં દાખલ થયાના બે વર્ષના સમયગાળા દરમીયાન તેમની જન્મ તારીખમાં સુધારો કરવા કોઈ અરજી ના કરેલ હોવાથી અને તેઓએ નિવૃતી નજીક આવ્યાના ત્રણ વર્ષ પહેલા સદર વિવાદ ઉભો કરેલ હોવાથી તેઓ તેમની જન્મ તારીખ તા.૦૧/૦૬/૧૯૬૪ ની જગ્યા તા.૧૩/૧૨/૧૯૬૯ કરાવવા હકકદાર થતા નથી. જેથી મુદ્દા નં.૨, ૩ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૪ પરત્વે આખરી હુકમ કરુ છું.

**—: હુકમ :-**

(૧) બીજા પક્ષકાર સંબંધિત કામદારનો આ રેફરન્સ નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ઔધોગિક વિવાદ ધારા અન્વયે એવોર્ડ પ્રસિધ્ધી અર્થે મોકલવો.

(૩) રેફરન્સનાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 15/04/2026 17:39:01 IST.

તા. ૧૫/૦૪/૨૦૨૬
સ્થળ:- કલોલ

(રાજેન્દર સિંધ)
કોડ નંબર જીજે-૦૧૦૮૫
પ્રમુખ અધિકારી,
ઔધોગિક ન્યાયપંચ,અમદાવાદ,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)